
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ • ભરત શેઠની ગૌરવગાથા

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

# અજાત શત્રુ જ્ઞાતિ મિત્ર

# ભરત શેઠ



# શેઠશ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોનાનો પરિવાર

જન્મતારીખ : ૧૬ ઓક્ટોબર ૧૯૪૨ • લગ્નતારીખ : ૧૨ નવેમ્બર ૧૯૬૫ • દેહાવસાન : ૫ ફેબ્રુઆરી ૨૦૨૬

**માતા-પિતા :**

રતનબાઈ ભાણજીભાઈ દેવજી ખોના

**પત્ની :**

રાણીબેન ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**પુત્રવધૂ-પુત્ર :**

મુદિતાબેન સચિન ભરતભાઈ ભાણજી દેવજી ખોના
ઉર્વીબેન બિનોય ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**પૌત્રી-પૌત્ર :**

ચિ. રીયા તથા સાનિયા

ચિ. રાયન તથા રણવીર

**મામી-મામા :**

જયવંતીબેન ભવાનજી નરશી છેડા

ચંદનબેન કલ્યાણજી નરશી છેડા

**ભાઈ :**

હીરાલાલભાઈ, વિપીનભાઈ, મહેન્દ્રભાઈ, ઉદયભાઈ, ઈન્દ્રજીતભાઈ

**બહેન-બનેવી :**

હંસા ગિરીરાજ પીલ્લારી

જયાબાઈ મણીકાંત મોમાયા

શોભના નિરંજન પૈઈ

નલિની મણીલાલ ખોના

ગીતાબેન ભાણજી દેવજી ખોના

# હાર્દિક અભિનંદન





**પરમ આદરણીય વડીલ**

## શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**હુબલી (કચ્છ-તેરા)**

**તમારા પ્રેરણાદાયી નેતૃત્વ અને સમર્પણને અમારા હૃદયપૂર્વકના અભિનંદન!**

૧૯૭૫ થી ૨૦૨૫ સુધીના તમારા વિઝનરી નેતૃત્વના આ અર્ધ શતાબ્દીના અવસરે, અમે સમસ્ત જુના કચ્છી હાઉસ A/B Wing, જય ચામરાજ નગર, હુબલીના રહેવાસીઓ તમને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

તમે ભર યુવાનીમાં શ્રી. ક.દ.ઓ. જૈન મહાજનશ્રીની બાગડોર સંભાળીને જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નો કર્યા છે. તમારા પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ જ્ઞાતિએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તમે માત્ર એક પ્રમુખ જ નહીં, પરંતુ એક દૂરંદેશી નેતા છો. તમારા માર્ગદર્શન હેઠળ, જ્ઞાતિએ વિકાસના નવા શિખરો સર કર્યા છે. તમારા નિઃસ્વાર્થ પ્રયત્નો અને અથાગ મહેનતના કારણે જ્ઞાતિ આજે એક મજબૂત અને એકતાપૂર્ણ સમુદાય તરીકે ઊભી છે.

તમે હંમેશા જ્ઞાતિના હિતને સર્વોપરી રાખ્યું છે. તમારા નેતૃત્વમાં જ્ઞાતિના દરેક સભ્યને સમાન તક મળી છે. તમે જ્ઞાતિના દરેક સભ્યને સાથે રાખીને ચાલ્યા છો, અને તેમના સુખ-દુઃખમાં સહભાગી બન્યા છો. તમારી નિષ્ઠા, સમર્પણ અને દૂરંદેશીતાએ અમને સૌને પ્રેરણા પૂરી પાડી છે. તમે અમારા માટે એક રોલ મોડેલ છો.

અમે તમારા જેવા નેતા પામીને ગર્વ અનુભવીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા દાદાશ્રી અજિતનાથ આપશ્રીને તંદુરસ્તમય દીર્ઘાયુષ્ય બક્ષે એવી અમારી પ્રાર્થના છે.


લી. જૂના કચ્છી હાઉસ A/B Wing,
જય ચામરાજ નગર, હુબલી ના રહેવાસીઓ.

**સૌજન્યઃ**

**સ્વ. કલ્પનાબેન પ્રફુલ તેજપાર મોતા-હુબલી**

**સ્વ. વિમલા બેન/સુમિત્રાબેન શાંતિલાલ લાલકા-હુબલી**

# સ્મરણાંજલિ



કચ્છ
સુથરી

હાલે
હુબલી

# સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

જન્મ : તા. ૧૬-૧૦-૧૯૪૨ , પ્રભુ સમીપે : તા. ૦૫-૦૨-૨૦૨૬


અંજલિ આપતાં હૈયું તૂટે છે, શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...
કુદરતના ખજાનાને ખોટ પડે છે, ત્યારે ધરતી મઘમઘતા ફુલોને ચૂંટે છે...

નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

-: શોકાતૂર :-

## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા, હાલ - ચેન્નઈ)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# વિરલ વ્યક્તિ-વિરાટ વ્યક્તિત્વના સ્વામી ભરતભાઈ

માત્ર કચ્છી, ગુજરાતી, મારવાડી જ્ઞાતિ સમાજમાં જ નહીં પણ અન્ય બીજા જ્ઞાતિ સમાજમાં કોઈ વિક્રમ ન નોંધાયો હોય એવો વિક્રમ શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન હુબલીમાં નોંધાયો. હુબલી મહાજનના વર્ષ ૧૯૭૫ થી વર્ષ ૨૦૨૫ સુધી લગાતાર ૫૧ સુધી પ્રમુખ પદ શોભાવનાર હતા શ્રી ભરતભાઈ ભાણજી ખીમજી ખોના. ૩૩ વર્ષની યુવા વયે તેઓશ્રીએ મહાજન પ્રમુખનું પદ સંભાળ્યું જે તેમણે લગાતાર ૮૪ વર્ષની ઉંમરે છેલ્લાં શ્વાસ સુધી નિર્વિવાદ પણે પદાશીન રહ્યાં.

સમસ્ત મહાજન દેશભરના મહાજનોના મણકાને જોડતી માળા છે. તેનો મૂળ પાયો ભરતભાઈ એ વિચાર બીજ તરીકે આપી સાકાર કર્યો હતો. માત્ર ૩૬ વર્ષની ઉંમરે દક્ષિણ ભારતના મહાજનોને સંગઠિત કરી દક્ષિણ ભારત ક.દ.ઓ.જૈન એકમની કલ્પના કરી એટલું જ નહીં સાકારિત કરી. ત્યારબાદ દક્ષિણ ભારત એકમના ચીલે અન્ય પ્રાદંશિક ક્ષેત્રના મહાજનો અલગ અલગ એકમ રચી સંગઠન બનાવ્યું.

તેમના હૈયે જ્ઞાતિ હિતની દાઝ એટલી પ્રબળ હતી કે ૧૯૭૯માં કબુ લઘુ નગર હુબલીને આંગણે દ્વિતીય જ્ઞાતિ સંમેલનનું ભવ્ય ત્રિદિવસીય આયોજન આદર્યુ અને સફળપણે સાકારિત કર્યું.

શાંત, સરળ સ્વભાવના અને મોટાથી લઈ નાના કાર્યકરના વિચારને જાણી તેની વાત ખરી હોય તો પોતાના વિચારોને બાજુ રાખી તે પ્રમાણે કાર્ય આયોજન ગોઠવવામાં નાનપ ન અનુભવતા. શ્રીમંત ઘરાનાના ફરજંદ હોવા છતાં સાદાઈ, નમ્રતા અને ઉમદાઈ ગુણોથી યુક્ત હતા.

સફળ ઉદ્યોગપતિ હોવાનો ભાર તેઓ ક્યારે રાખ્યો ન હતો. વ્યવસાયિક રીતે સતત વ્યસ્તતા વચ્ચે પણ જ્ઞાતિ સમાજ માટે શિક્ષણ, આરોગ્ય, આવાસ ક્ષેત્રે ઘણું ઘણું કર્યું. તે ઉપરાંત ઔદ્યોગિક, શૈક્ષણિક, સાંસ્કૃતિ અને આર્થિક ક્ષેત્રે અન્ય સંગઠનોમાં રહી નવા નવા પ્રોજેક્ટો શરૂ કર્યા ચલાવ્યા. વિવિધ ઔદ્યોગિક સમૂહોના એસોસિએશનમાં સાથ આપી ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રના હિત માટે નવા નવા આયોજન કરવા મોખરે રહ્યાં હતા. દરેકને સાથે રાખી ચાલવાનો આગળ વધવાનો તેમનો સ્વભાવ પોતાનું ધાર્યું થાય તેનો ક્યારે આગ્રહ ન રાખતા. સામાન્યથી સામાન્ય માણસના વિચારો જાણે, સમજે અને અમલમાં પણ મૂકે. અજાણ્યા સાથે પણ નિખાસલતા રાખી વર્તાવ કરે. મિત્રતા પૂર્ણ ભાવ રાખે એટલે તેમને ચાહનારો મોટો વર્ગ હતો.

પદ અને પ્રતિષ્ઠા મળે એની કદી ખેવના રાખી ન હતી. મનની વિશાળતા નિસ્વાર્થ ભાવે સૌને મદદ કરવી. નાના પ્રત્યે દયા ભાવ રાખવો. સાથ સહયોગથી હૂંફ આપવાના ગુણ તેમને વિરલ વ્યક્તિ અને વિરાટ વ્યક્તિત્વના સ્વામી તરીકે સ્થાપિત કર્યા હતા. તેમના વિચાર, તેમણે કરેલા અગણિત કાર્યોને લીધે તેઓ સદાય સ્મરણીય રહેશે તેમની ખોટ જ્ઞાતિને કાયમની રહેશે એ વાત નક્કી.

# નોખા અને અનોખા જ્ઞાતિ શ્રેષ્ઠી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દિવસો દિવસ જ્ઞાતિ સમાજમાં યુવાઓની ઘટી રહેલી સંખ્યા ચિંતાનો વિષય છે. એવું નથી કે સમાજશ્રેષ્ઠીઓ એ બાબતે ચિંતિત નથી કે કંઈ પ્રયાસ જ કરતાં નથી. કઈ કેટલી ઉપાય યોજના છતાં પૂરેપૂરી કારગત થતી નથી એ હકીકત છે. ત્યારે ભૂતકાળ તરફ આછેરી નજર નાખી એ તો ગૌરવશાળી ઘટના જરૂર મળી આવે.

કર્ણાટકના ઔદ્યોગિક નગર હુબલી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનમાં માત્ર ૩૩ વર્ષની યુવા વયે ૧૯૭૫ માં શ્રી ભરતભાઈ ખોના એક નવી દ્રષ્ટિ, નવા વિચાર સાથે જ્ઞાતિ મહાજનના પ્રમુખ તરીકે સૂત્રદોર સંભાળ્યા. હુબલી જ્ઞાતિ મહાજનના પ્રમુખ પદ સંભાળ્યાના માત્ર ચાર વર્ષમાં હુબલીમાં દ્વિતીય જ્ઞાતિ સંમેલનનું મેગા આયોજન સફળતાપૂર્વક આયોજ્યું. આજનો યુવા જ્યારે ૩૭ વર્ષે પોતાના પરિવારને સંભાળવામાં અને વ્યવસાયિક રીતે ઠરી ઠામ થવા માટે યત્નશીલ હોય. જ્ઞાતિ સમાજસેવાનો ભાવ ૪૫ વર્ષની ઉંમર કે એ પછી જ થાય. પણ ભરતભાઈ એક અલગ અને અનોખા વ્યક્તિ હતા. જેમણે યુવા વયે અશ્વમેઘ જેવા ભગીરથ આયોજનને સફળ કરી બતાવ્યું.

લાગલગાટ ૫૧ વર્ષ જ્ઞાતિ મહાજનના બિનહરીફ પ્રમુખ તરીકે વરણી થતાં રહ્યાં. ન કોઈ વાદ, ન કોઈ વિવાદ, માત્ર સંવાદ, સદભાવ અને સ્નેહભાવથી નાના મોટા સૌના મન જીતી ધર્મ, સમાજ, શિક્ષણ, સ્વાસ્થ્યના કઈ કેટલા કામો શરૂ કર્યા અને આગળ વધાર્યા. સૌની સાથે ચાલવાનો તેમનો સ્વભાવ, નાનો હોય કે મોટો કાર્યકર. તેની સાથે સંવાદ, વિચાર વિમર્શ કરીને કોઈ નિર્ણય લે. નમ્ર નિરાભિમાની ભરતભાઈ અજાત શત્રુ હતા. તેઓ સૌના મિત્ર તરીકે રહ્યાં. તેમના હૈયે જ્ઞાતિ હિતની ભાવના વસતી હતી. ખાનદાની પરિવારના સંતાન પણ લગીરે મોટાઈ ન ધરાવે. અહમ અને આડંબર તેમને ક્યારે સ્પર્શી શક્યા નહીં.

કચ્છી દશા જ્ઞાતિ ભલે નાની પણ ભરતભાઈ ખોના જેવા વીરલા રત્નો પોતાના કર્મ, કાર્ય અને દીર્ઘ દ્રષ્ટિથી જે ભરપૂર યોગદાન સમાજને આપ્યું છે એ યાવચંદ્ર દિવા કરૌ જેવું થઈને ચિર સ્થાઈ સ્થાન તરીકે સમકાળ સુધી જોડાયેલું રહેશે. નામવંત ઉદ્યોગપતિ હોવા છતાં જ્ઞાતિજનોની ખેવના તેમણે સદૈવ હૈયે રાખી તેમની સંભાળ લીધી હતી.

એટલે જ તો લોક કવિ કીધું છે કે 'જનની જણ દાતા કા શૂર, નહિં તો રહે જે વાંઝણી મત ગુમાવીશ નૂર.' ઉદાર દાતા પરગજુ સ્વભાવી અને સામાન્ય જણની સંભાળ રાખનાર જ્ઞાતિ હિતચિંતક ભરતભાઈ ખોનાની ખોટ માત્ર હુબલી મહાજન કે દક્ષિણ એકમને નથી પડી. પણ સમસ્ત જ્ઞાતિ સમાજને પડી છે જે કદી પૂરાશે નહીં. પ્રભુ પરમાત્મા તેમના આત્માને મોક્ષ ગામી કરે એજ પ્રાર્થના.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો


| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## પિતાશ્રી સ્વ. ભાણજી દેવજી ખીમજી ની પુણ્ય સ્મૃતિમાં
## શ્રી ભરતભાઈ બી. ખીમજી તરફથી હુબલીની હૉસ્પિટલને માતબર દાન

ಶ್ರೀ ಭಾಂಜಿ ಡಿ. ಕಿಮಜಿ ಲೈಫ್‌ಲೈನ್ ಆಸ್ಪತ್ರೆ

**SHRI BHANJI D. KHIMJI LIFELINE HOSPITAL**




કચ્છી દશા ઓશવાલ શ્રેષ્ઠી

**શ્રી ભરતભાઈ બી. ખીમજી**, તેરા - હુબલી


તરફથી હુબલીની ૨૪×૭ લાઈફ લાઈન હૉસ્પિટલને
રૂપિયા એક કરોડનું માતબર દાન આપ્યું છે તથા હૉસ્પિટલના
આધુનિકરણ માટે વધુ યોગદાનની ખાતરી આપી છે.

**પિતાશ્રી સ્વ. ભાણજી દેવજી ખીમજી**

નું નામાભિધાન કરાવી પિતાશ્રીની સ્મૃતિને ચિરંજીવ બનાવી છે.
આવા માનવતાલક્ષી સેવા કાર્યો કરતા રહી પરિવારની
સેવાની ઉજ્જવળ પરંપરાને દિપાવતા રહો એવી અભિલાષા...



# સ્મરણાંજલિ



જન્મ
૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ
૦૫-૦૨-૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી

અંજલિ આપતાં હૈયું તૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
કુદરતના ખજાનાને ખોટ પડે છે,
ત્યારે ધરતીના મધમધતા ફૂલોને ચૂંટે છે.

-: શોકાતુર :-

# ભરત લક્ષ્મીચંદ ધરમશી

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના
# આદરણીય, સન્માનનીય, આજીવન પ્રમુખશ્રી ભરતભાઈ ભાણજી ખોના



એક અદ્‌ભુત અકલ્પનીય વ્યક્તિત્વ એટલે શ્રી ક.દ.ઓ. જૈન મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ ખોના કે જેમનો જન્મ ૧૬-૧૦-૧૯૪૨ના થયો. યુવા વયે Akay Industries ની બાગડોર સંભાળી. ત્યારબાદ BDK Group of Industries અને Khimji flow Equipments Pvt. Ltd. ને ઉચ્ચતમ શિખરે લઈ જવાનું સન્માન એમના ફાળે જાય છે. અદમ્ય સાહસિક વ્યાપારી કે જેમણે ફક્ત ૩૩ વર્ષની ઉંમરે હુબલી મહાજનશ્રીના પ્રમુખ તરીકે ૧૯૭૫માં બિનહરીફ ચૂંટાઈ આવ્યા.

જેના રગેરગમાં જ્ઞાતિના ઉત્થાનની આશા હિલોળા લેતી હોય અને મનમાં મનોબળનો સાગર ઘૂઘવતો હોય તેને ઈશ્વર પણ સાથ આપે છે. આજે ૮૪ વર્ષની ઉંમરે પણ અણનમ સેવા આપી રહ્યા હતા. છેલ્લા એક દોઢ વર્ષથી શારીરિક અસ્વસ્થતા હોવા છતાં જ્ઞાતિના કાર્યોમાં ક્યાંય ઓછપ ન આવવા દીધી. હુબલી મહાજનના પ્રમુખ શ્રી તરીકે સતત ૫૧ વર્ષથી સેવા આપી હતી.

તા.૨૦-૨-૨૦૨૨ની મહાજનશ્રીની વાર્ષિક મિટીંગમાં આગલા ત્રણ વર્ષ માટે ફરીથી પ્રમુખશ્રી તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા તે નો અમને સૌને ગર્વ છે તે સમયે સૌ શ્રી અજીતનાથ દાદાને પ્રાર્થના કરીએ કે એમને તંદુરસ્તમય દિર્ઘાયુષ્ય બક્ષે અને આપણે સૌ એમના પ્રમુખપણાની ૨૦૨૫માં સુવર્ણજયંતી ઊજવીએ.આખરે આ સત્ય થયું

સમસ્ત જ્ઞાતિના ઈતિહાસમાં આનું વર્ણન સુવર્ણાક્ષરે લખાશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

શ્રીયુત ભરતભાઈના માર્ગદર્શન હેઠળની સિધ્ધિઓ કંઈ ઓછી નથી.

૧) પ્રમુખ સ્થાને બીરાજમાન થયાના અલ્પ સમયમાં જ ૧૯૭૮માં સમસ્ત જ્ઞાતિનું ત્રિદિવસીય બીજું સંમેલન Akay Industries ના પ્રાંગણમાં કબુ લધુનગરના નામાભિમાન સાથે ભરાયું અને જેમાં અનેક ઠરાવો પસાર થયા. એકમોની સ્થાપના થઈ અને શ્રીયુત ભરતભાઈને જ્ઞાતિરત્નના ખિતાબથી નવાજવામાં આવ્યાં.

૨) હુબલીના આંગણે આચાર્ય ભગવંતનું આગમન અને પૂ.સાધુ-સાધ્વીશ્રીઓના ભવ્યાતિભવ્ય ચાતુર્માસ થયા.

૩) ૨૦૦૯માં શ્રી અજીતનાથ જિનાલયનો ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ ધામધુમથી ઊજવવામાં આવ્યો.

૪) જ્ઞાતિના વિવિધ મંડળો-ગ્રુપોને પ્રોત્સાહન આપી આધાર રૂપ બન્યાં.

૫) મહાજનશ્રી હસ્તક કેડીઓ અંગ્રેજી માધ્યમ શાળા કે જ્યાં આપણી જ્ઞાતિના બાળકોને ડોનેશન અને ફી માફી સાથે શિક્ષણ.

૬) જ્ઞાતિનો Mayfair Auditorial હોલ કે જેનો ઉપયોગ ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તથા સાદડી પ્રાર્થના માટે વિનામુલ્યે અને અંગત કાર્યક્રમોમાં ફક્ત જાળવણી ખર્ચના નજીવા ફાળે આપવામાં આવે છે.

૭) નબળા કુટુંબોને આર્થિક સાધર્મિક સહાય, જ્ઞાતિના બાળકોને શાળા ફી તેમજ પુસ્તકોના ખર્ચ, મેડિકલ પ્રિમીયમની સુવિધા, ઉચ્ચ અભ્યાસાર્થે શિક્ષણ લેવા ઈચ્છતા બાળકોને જરૂર પડયે વિના વ્યાજે લોનની વ્યવસ્થા એકલ દોકલ નિઃસહાય વ્યક્તિને મકાનની વ્યવસ્થા અને જરૂરીયાત મુજબ ભાડા માફી પણ આપેલ છે આ ઉદારતા હુબલી મહાજનને દાખવી છે.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના
# આદરણીય, સન્માનનીય, આજીવન પ્રમુખશ્રી ભરતભાઈ ભાણજી ખોના

૮) જ્ઞાતિની મુળભુત જરૂરીયાત રહેઠાણની આ અંગે પણ ભરત ભાઇએ પ્રમુખશ્રી તરીકે પદભાર સંભાળતાં જ ૧૯૭૯માં કચ્છી હાઉસ એ ૧૯૮૪માં કચ્છી હાઉસ બી તેમજ હોલની વ્યવસ્થા ઊભી કરી જ્ઞાતિના મધ્યમ વર્ગીય અને ખરાબ લત્તામાં રહેતા જ્ઞાતિબાંધવોને ફાળવ્યા એક બ્લોક અતિથિગૃહ તરીકે રાખવામાં આવેલ.

અહીં જ ન અટકતાં આગળ જતાં કેડીઓ એપાર્ટમેન્ટ અને કેડીઓ મેન્શનનું નિર્માણ થયું.

આગળ જતાં કુસુગલ રોડ ઉપર અત્યાધુનિક સુખ સગવડોથી સજ્જ. કેડીઓ રેસિડેન્સી એ વિંગ અને હાલ બી વિંગનું કામકાજ પુર જોશમાં ચાલુ છે.

જેનો યશ હુબલી મહાજનશ્રીના પ્રમુખ શ્રી ભરતભાઈ ખોના અને એમના મદદકર્તા શ્રીયુત વીરેન્દ્રભાઈ છેડાને ફાળે જાય છે. આ બધું જ્ઞાતિદાઝ વગર શક્ય ખરૂં?

ફરી એકવાર આપણે સૌ સાથે મળી શ્રી અજીતનાથ દાદાને વિનંતી કરીએ કે દિવંગત પ્રમુખશ્રી ના પુનીત આત્માને શરણ આપી મોક્ષ પ્રદાન કરે અને શાંતિ બક્ષે. જય જ્ઞાતિમૈયા.

**શાંતિલાલ રામજી લાલકા (હુબલી) 9242220803**










# આદરાંજલિ

પરમ પૂજનીય, પરમ ઉપકારી,
સન્માનીય લાડીલા શ્રી શેઠને આદરાંજલિ



# સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**

**(જન્મ : ૧૬-૧૦-૧૯૪૨ • અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬)**

व्यक्तित्व में जिनके आसमान की उँचाई थी
सद्‌गुणो में जिनके महासागर की गहराई थी
हृदय में जिनके देव, गुरु, धर्म की ज्योत ज्वलंत थी
रगरग में जिनके प्रेम, क्षमा, करुणा समाई थी
आँखो में स्नेह और होठो पे मधुर स्मित की महक थी
सदैव स्मरणीय आपके चरणो में नत मस्तके वंदना

આપની જીવન ગાથા અમ યુવાપેઢી માટે આદર્શરૂપ રહેશે.
પ્રત્યક્ષ મળેલા આપના આશીર્વચનો સ્મૃતિપટ પર સદાય અંકિત રહેશે.
પરમ કૃપાળુ, પરમાત્મા શુદ્ધ સ્વરૂપી આત્માને શીઘ્ર સિદ્ધપદ પ્રાપ્ત કરાવે એજ મંગલ પ્રાર્થના.
આત્મીય પરિવાર ને પ્રભુ અનંત શક્તિ સહન શીલતા પ્રદાન કરે એજ અભ્યર્થના...


**શ્રદ્ધાસુમન**

## ચંદ્રેશ વિરચંદ છેડા (સુજાપુર-રાયપુર)

**મેનેજીંગ ટ્રસ્ટી :**

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



કચ્છ
તેરા

હાલે
હુબલી

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

જન્મ : તા. ૧૬-૧૦-૧૯૪૨ • પ્રભુ સમીપે : તા.૦૫-૦૨-૨૦૨૬

અંજલિ આપતાં હૈયું તૂટે છે... શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...
કુદરતના ખજાનાને ખોટ પડે છે... ત્યારે ધરતીના મઘમઘતા ફૂલો ચૂંટે છે...

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી? વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી?
પ્રભુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ચીમન ખોના (મોબાઈલ - ૯૮૨૧૦૬૯૨૫૫)

GIRNAR

**NEW GIRNAR ROADWAYS**

TRANSPORT CONTRACTOR & COMMISSION AGENTS

PLOT NO.95, SECTOR 19 C, VASHI, NAVI MUMBAI - 400 705.
TEL.: 2783 9280 / 2783 9934 • FAX : 2783 1272
E-mail : nayan_ck9@hotmail.com

# કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના કોહીનૂર શ્રી ભરતભાઈ બી. ખીમજીનો સંક્ષિપ્ત પરિચય



જ્ઞાતિની ભાગ્યેજ એવી કોઇ વ્યકિત હશે કે જે શ્રી ભરતભાઇથી સુપરિચિત ન હોય. કોહિનૂરના હીરા જેવી તેજસ્વિતા અને બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી ભરતભાઈનો પરિચય આપવો એ તો જાણે પૂનમની રાતે તારલીઆઓ વચ્ચે પૂર્ણ પ્રકાશે ચમકતા ચંદ્રનો પરિચય આપવા જેવું લાગે! સ્વભાવે નિખાલસ, દિલના ઉદાર, સ્પષ્ટવક્તા અને ચાણકય બુદ્ધિ ધરાવતા યુવાન કાર્યકર શ્રી ભરતભાઈની નેતાગીરી આપણી જ્ઞાતિને સાંપડી, એ આપણા સૌનું અને સમગ્ર જ્ઞાતિનું અહોભાગ્ય ગણી શકાય જે આપણા સૌ માટે એ ગૌરવની બીના થઇ કહેવાય.

જ્ઞાતિ પ્રશ્નો, સામાજિક પ્રશ્નો કે ધંધાકીય બાબતોમાં મતભેદો જેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ શ્રી ભરતભાઈ કદી પણ મગજની સમતુલા ગુમાવતા નહીં અને દરેક બાબતના સંતોષપ્રદ રીતે ઉકેલ લાવીને સામી વ્યક્તિ કે જૂથને સંમોહિત કરવાની શક્તિ ધરાવતાં હતાં.

ટૂંકા સમયમાં, શ્રી ભરતભાઈ જ્ઞાતિ સેવાના ક્ષેત્રે સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયા જેતેમના મિલન સાર સ્વભાવની તાકાત દર્શાવે છે. જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યને તેમણે પિતાનું કાર્યક્ષેત્ર બનાવી દીધું હતું. આપણી જ્ઞાતિના દરેક સ્તરનાં ભાઈબહેનોની સર્વાંગી પ્રગતિ કેવી રીતે થાય, દરેકને રહેવા ઘર, ભરણ-પોષણ માટે નોકરી કે ધંધો મળે અને દરેક જ્ઞાતિજન પ્રગતિના પંથે પ્રસ્થાન કરે, તેવી સ્થિતિના સર્જન માટે તેઓ સદા તત્પર અને સતત પ્રયત્નશીલ રહ્યા હતાં. જ્ઞાતિજનો આપસના મતભેદો ભૂલે, તેમની વચ્ચે ભાતૃભાવના જાગૃત થાય, ભાઈચારાની ભાવના ખીલે એ તેમનું એક ધ્યેય બની ગયું હતું.

જન્મથી જ શ્રીમંતાઈમાં ઊછર્યા હોવા છતાં, તેમનામાં શ્રીમંતાઈને જરાયે ઘમંડ જોવા ન મળે. સામાન્યમાં સામાન્ય જન સાથે પણ તેઓ આત્મીયતા કેળવી શકે એવું. તેમનામાં માનવતાભર્યું ઉદાર હૈયું હતું, એટલુંજ નહિ, પરંતુ તેમનામાં

# કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના કોહીનૂર શ્રી ભરતભાઈ બી. ખીમજીનો સંક્ષિપ્ત પરિચય



વહેતું જ્ઞાતિદાઝનું ઝરણું દક્ષિણ ભારત એકમરૂપી નદીના સ્વરૂપમાં વહી ને જ્ઞાતિ સંમેલનના વિરાટ સાગરની લહેરોના રૂપે પ્રત્યક્ષ રીતે આપણી સમક્ષ વહી રહ્યું હતું. આવી જ્ઞાતિદાઝ ધરાવતા યુવાન નેતાને જ્ઞાતિ સંમેલનના પ્રમુખ બનાવી શક્યા, એમની નેતાગીરી આપણને સૌને સાંપડી એ આપણું અને સમસ્ત જ્ઞાતિનું અહોભાગ્ય ગણીશકાય.

**બહુમુખી પ્રવૃત્તિઓ :**

જ્ઞાતિ સેવા માં પ્રવેશ પછીના પાંચેક વર્ષથી શ્રી ભરતભાઈ જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં ધીમે ધીમે ઓતપ્રોત બની ગયા હતા.

- સને ૧૯૭૫ થી તેઓશ્રી હુબલી ક.દ.ઓ. જૈન મહાજનના પ્રમુખ રહયાં જે સતત ૫૧ વર્ષ સુધી ને પદને શોભાવ્યું.
- સને ૧૯૭૮ માં દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ (જેની સ્થાપનાને પગલે પગલે એકમોની હારમાળાના મોતી પરોવાઈ છે)ની સ્થાપના થઈ, ત્યારે પ્રમુખપદ શોભાવ્યું હતું.
- 'દક્ષિણ ભારત એકમ'ની સ્થાપના થકી, જ્ઞાતિના વડીલો સાથે વિચારવિનિમય કરી, ૧૯૭૯ વર્ષ માં જ્ઞાતિ સંમેલન યોજવાનો નિર્ણય લેવડાવી આજે આપણા સૌ સમક્ષ આ સંમેલનનું સુકાન પણ તેઓ જ કુશળપણે સંભાળ્યું હતું.



# કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના કોહીનૂર શ્રી ભરતભાઈ બી. ખીમજીનો સંક્ષિપ્ત પરિચય

● સને ૧૯૭૮ માં શ્રી. ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રમુખસ્થાન શોભાવી યુવાન પેઢીને સામાજિક ક્ષેત્રે આગળ વધવા તેઓશ્રીએ જે એલાન કરેલું તેના પરિણામે યુવાન પેઢીમાં જાગૃતિનો જુવાળ ફેલાયો અને જ્ઞાતિનો યુવાન વર્ગ જ્ઞાતિ-સેવાના યજ્ઞમાં પ્રવૃત થવા થનગની રહ્યા એ તેમના વિચારની તાકાત દર્શાવે છે.

● ધંધાકીય ક્ષેત્રે તેઓશ્રી એકે ઇન્ડસ્ટ્રીઝ-હુબલી (કેમિકલ વાલ્વ અને પંપના અગ્રણી ઉત્પાદક)ના તેઓશ્રી મેનેજિંગ ડાયરેક્ટર રહયાં.

● સને ૧૯૬૫ માં માત્ર ૨૩ વર્ષની યુવાન વયે તેઓ આ કંપનીમાં ડાયરેક્ટર તરીકે જોડાયા અને પોતાની કુશાગ્ર બુધ્ધિ અને ધંધાકીય સૂઝના પરિણામે કંપનીને વિકાસને પંથે લઇ જઇ, તેને ગગનગામ પથ પર પહોંચાડી છે.

● ધંધાના વિકાસ માટે સમગ્ર વિશ્વનો બહોળા પ્રવાસ કરી ચૂક્યા છે. નિકાસ ક્ષેત્રે પણ પાછળ રહ્યા નથી. સને ૧૯૭૬ માં કર્ણાટક રાજ્યમાંથી નિકાસ ક્ષેત્રે વિક્રમ સર્જી પ્રથમ પરિતોષિક મેળવવા સદભાગી થયા હતાં. આ બધું એમના અનુભવ, ઉત્સાહ અને કૌશલ્યના ત્રિવેણી સંગમને આભારી થયું.

● આ ઉપરાંત, ધંધાકીય ક્ષેત્રે તેઓ હુબલીમાં બીડીકે ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર. વર્ધમાન કો-ઓપરેટીવ બેંક (હુબલી)ના ડાયરેક્ટર તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. ફ્લ્યુઈડ સીસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ (હૈદ્રાબાદ)ના પણ તેઓશ્રી ડાયરેક્ટર થયાં. મેસર્સ બી. ડી. ખીમજી એન્ડ કંપનીના તેઓ ભાગીદાર છે. કર્ણાટક એડવાઈઝરી બોર્ડ તથા કર્ણાટક એકસપોર્ટ પ્રોમોશન કાઉન્સીલ (બેંગ્લોર) તથા ઇંડિયન પંપ મેન્યુફેકચરર્સ એસોસીએશન (મુંબઈ)ના સભાસદ તરીકે તેઓશ્રી સેવાઓ આપી હતી.

આ રીતે સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની બહુમુખી પ્રતિભાથી હુબલી શહેર તથા કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે. રમતગમત, ફોટોગ્રાફી અને ગાર્ડનીંગ એ તેમના શોખના પ્રિય વિષયો રહયાં હતા.

આવી અનેકવિધ પ્રતિભા ધરાવતા દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા નેતા શ્રી ભરતભાઈ બી. ખીમજીની નેતાગીરી જ્ઞાતિને ખૂબ લાંબા સમય માટે મળી જે આપણાં સદ્‌ભાગ્ય ગણાય અને એમની તંદુરસ્તી તથા દીર્ઘાયું જીવન જ્ઞાતિ માટે સમર્પિત રહ્યું. તેમનો પૃણ્યાત્મા સદૈવ મોક્ષગામી બની રહે એવી પ્રભુ પાસે પ્રાર્થના.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# આદરાંજલિ...



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા • હાલે - હુબલી

જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨ • સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬


તમારી અણધારી વિદાય વેળાએ
આપનો સંસ્થા સાથેનો અતૂટ નાતો અને વર્ષોની અખૂટ યાદો
પ્રેરણાત્મક છે આપના જીવનની અમૂલ્ય ગાથાઓ
સમાજના તેમજ સંસ્થાના દરેક કાર્યો માટે
આપના માર્ગદર્શનના સંસ્મરણો
અમારા સ્મૃતિપટ પરથી ક્યારેય વિસરાશે તો નહીં જ
પણ આપનો ચીંધેલ માર્ગ સંભારણું બની અમારા સંઘ ને
ભવિષ્યના સોપાનો સર કરવા અજવાળતી રહેશે

-: શોકાતુર :-

**દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ**

**પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને જ્ઞાતિજનો**

# આદરાંજલિ



જન્મ
૧૬/૧૦/૧૯૪૨

અરિહંતશરણ
૦૫/૦૨/૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા - હાલ : હુબલી**

આપ હતાં પરિવારના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ

આપના પરમ આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે
એજ પ્રાર્થના

.. શોકાતુર ..

## શા. હિરાચંદ ડુંગરશી દંડ


**મોહિત દંડ • અમિત દંડ**

## શ્રી કેનવેસર

હુબલી

# સ્મરણાંજલિ

જન્મ
૧૬-૧૦-૧૯૪૨



અરિહંતશરણ
૦૫-૦૨-૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

### ગામ : તેરા, હાલે - હુબલી

વટવૃક્ષ સમુ અનોખુ વ્યક્તિત્વ ધરાવનાર એવા શ્રી ભરતભાઈ...
જેમની છાયામાં એમનો પરિવાર અને હુબલી સમાજ વિકસયો
આપે જીવનમાં સદાય પ્રેમના દીપ પ્રગટાવ્યા...
સ્મૃતિમાં છે હવે માત્ર લાગણી ભીના સંભારણા વહેશે.
અવિરત આપની પ્રત્યે આદરના અમીઝરણા
આપના આદરણી ગુણો, વાત્સલ્યતા, કાર્યદક્ષતા અને વ્યવહારિકતા...
જીવનમાં અમારા પ્રેરણાસ્ત્રોત બની રહેશે.
આપના સ્મરણોની સુવાસ અમારા સ્મૃતિપટલ પર કાયમ અકબંધ રહેશે.

**શ્રધ્ધાસુમન**

## શ્રી ઈન્દુકુમાર લધ્ધાભાઈ મણશી મોમાયા પરિવાર

### ગામ : વરાડીયા, હાલ : વાશી

## સંભારણા

# શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ શાળા હુબલીને ભરતભાઈ બી.ખીમજી દ્વારા કોમિક પુસ્તકોનું ઉદાર દાન અપાયું





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ હુબલીની શાળાને શ્રી ભરતભાઈ બી. ખીમજી દ્વારા કોમિક પુસ્તકોનું ઉદાર દાન મળ્યું છે. જે માટે એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી તેમનો આભાર વ્યક્ત કરાયો હતો. દાતાશ્રીની ઉદાર ભાવનાની શાળાના વિદ્યાર્થીઓની ઉપર કાયમી અસર પડશે. વાંચન, અધ્યન અને કલ્પના વિચાર વિહાર પ્રત્યેનો પ્રેમ વધશે.



શ્રી ક.દ. ઓ. જૈન એજ્યુકેશન ટ્રસ્ટ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, હુબલી


તમારું ડોનેશન આપો શાળાની લાયબ્રેરીને સમૃધ્ધ બનાવો અને વિદ્યાર્થીઓને વિવિધ વાંચન સામગ્રી પ્રદાન કરો. સાક્ષરતા, સર્જનનાત્મકતા અને વિવેચનાત્મક વિચાર કૌશલ્યોને પ્રોત્સાહિત કરો. વિદ્યાર્થીઓને નવા વિષયો અને રૂચિઓ શોધવા માટે પ્રેરણા આપો. હકારાત્મક અને આકર્ષક વાંચન વાતાવરણ બનાવો.

અમારી શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણ અને સુખાકારીમાં રોકાણ કરવા બદલ દાતાનો આભાર. તમારું યોગદાન અમૂલ્ય છે. સાક્ષરતા અને શીખવાના પ્રેમને પ્રોત્સાહન આપવાના તમારા પ્રયત્નો અનંત મારી પ્રતિબધ્ધતાની ભૂરી ભૂરી પ્રશંસા કરીએ છીએ. ઉદારદાન આપવા બદલ શાળા સમિતિ આપનો આભાર માને છે.

ઉપરોક્ત આભાર પત્ર શાળા તરફથી શ્રી ભરતભાઈ બી.ખીમજીને અપાયો.

સંકલન : શાંતિલાલ રામજી લાલકા-હુબલી

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. ભરતભાઈ ભાણજી દેવજી ખોના


**ગામ : તેરા, હાલે - હુબલી**

જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨ • સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ,
આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન,
અમી ભરેલી આંખ હતી, હૈયે હતાં હેતના ધોધ,
સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ...

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**

# સ્મરણાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**(જન્મ : ૧૬-૧૦-૧૯૪૨, અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬)**

**ગામ : તેરા, હાલ : હુબલી**

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન
સત્ય હોવા છતાં કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી.
પ્રભુ આપના દિવ્યત્મ આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના

-:: શ્રદ્ધાસુમન ::-

**શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન, હુબલી**

પ્રમુખ - મહેન્દ્ર વિકમશી • ઉપપ્રમુખ - પ્રજેશ પટેલ
સેક્રેટરી - શરદ મોમાયા • સંયુક્ત સેક્રેટરી - કેતન મહેશ્વરી
ખજાનચી - મોહિત દંડ • સંયુક્ત ખજાનચી - ચંદ્રકાંત લોડાયા
ટ્રસ્ટી - અનીશ મોમાયા, જયેશ ખોના, ભાવેશ નાગડા

## સંભારણા

# કે.ડી.ઓ રેસિડન્સ હુબલીના પ્રાંગણમાં વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન હુબલીના બિનહરીફ રીતે સતત ૫૦ વર્ષથી પ્રમુખપદ શોભાવી રહેલ એકમેવ વડીલ શ્રી ભરત બી. ખીમજીના વરદ હસ્તે વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન તા.૪ નવેમ્બર ૨૦૨૪ના કુસુગલ રોડ હુબલી મુકામે KDO RESIDENCYના પ્રાંગણમાં સંપન્ન થયું. આ પ્રસંગે પ્રમુખશ્રીના ધર્મપત્ની સૌ.રાણીબેન, ઉપપ્રમુખ શ્રી તિલકચંદભાઈ વિકમશી, વહીવટદાર શ્રી શરદભાઈ મોમાયા અન્ય ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. ભૂમિપૂજન વિધિ બાદ અલ્પાહારને ન્યાય આપી સહુ છૂટા પડ્યા હતા.

– સંકલનઃ શાંતીલાલ રામજી લાલકા, હુબલી.






# કે.ડી.ઓ રેસિડન્સ હુબલીના પ્રાંગણમાં વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન





# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૬/૧૦/૧૯૪૨

અરિહંતશરણ
૦૫/૦૨/૨૦૨૬

# સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ: તેરા - હાલ: હુબલી



આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો,
પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.
તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને
મોક્ષગામી બને એ જ ઈશ્વરને અંત:કરણપૂર્વક પ્રાર્થના.

-:: શોકાતુર ::-

**શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ભુજ**
**પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવર**

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્‌બોધન




(નોંધ : ત્રિદિવસીય દ્વિતીય સમસ્ત જ્ઞાતિ સંમેલન કર્ણાટક રાજ્યના નગર હુબલીમાં કબુ લઘુ નગર પ્રાંગણમાં તા. ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર અને તા. ૧ ઓકટોબર ૧૯૭૯ ના યોજાયું. આ પ્રસંગે આ રાજ્યના સ્થાનિક આગેવાનો પધાર્યા હોવાથી સંમેલનના પ્રમુખશ્રીએ પ્રથમ અંગ્રેજીમાં ટૂંકું વક્તવ્ય કરેલું અને ત્યાર બાદ જ્ઞાતિજનોને ગુજરાતીમાં ઉદ્‌બોધન કરેલું, તે અહીં અક્ષરશઃ પ્રગટ કર્યું છે.)

Invited guests, delegates and friends,

It is with great pleasure that I welcome you to the inaugural session of our second Kutchhi Dasha Oswal Jain Gnati Sammelan, which is being held after a long period of 32 years. Throughout our deliberations are going to be conducted in Gujarati, hence for the benefit of our honourable guests from Karnataka, I would like to say a few words in English.

This sammelan will be deliberating on the schemes to implement various Educational and other welfare facilities to be provided to the members of our community. Also various aspects of social reforms will be considered. Due to Geographic mobility and the enterprising nature of our members in general, we are settled all over India. We hope to establish a meaningful communication and steps towards emotional integration through this sammelan, where more than 10% of our entire population is attending.

Last but not the least, the Organisation of this meet was made possible only due to untiring efforts of the members of Dakshin Bharat Ekkam, Hubli Mahajan and full co-operation of the attending delegates, invitees observers. I thank you one all for making a dream come true.

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્‌બોધન






આજના આ શુભ પ્રસંગે અમારા આમંત્રણને માન આપીને દૂર દૂરથી પધારેલા ભાઈબહેનો તથા વડીલોનું હાર્દિક સ્વાગત કરતાં હું ગૌરવ અનુભવું છું. આજે બત્રીસ વર્ષના અતિ લાંબા ગાળા પછી આપણે બધાં એકત્ર થયાં છીએ, તે અત્યંત આનંદની બીના છે.

**'દક્ષિણ ભારત એકમ'ની રચના :**

આજે આ સંમેલન બોલાવવાનું શક્ય બન્યું, એનો ખરો યશ 'દક્ષિણ ભારત એકમ'ને ફાળે જાય છે. જો આ એકમની રચના ન થઈ હોત તો જ્ઞાતિમાં આજે જે જાગૃતિ આવી છે, તે કદાચ ન આવી હોત, અને આ સંમેલન પણ કદાચ ન યોજાત અને આપણે હજી કેટલા સમય સુધી મુંબઈ તરફ મીટ માંડી બેસી રહ્યા હોત, તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

અત્રે પધારેલા મોટા ભાગના સમુદાયને ખબર છે કે 'દક્ષિણ ભારત એકમ'ની રચના કેમ અને ક્યારે થઈ. છતાં મારી ફરજ સમજી ફરી એકવાર સમજાવવાની રજા લઉં છું.

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્‌બોધન



બે વર્ષ પહેલાં દક્ષિણ ભારતમાં થોડા ભાઈઓએ ભેગા મળી સહુ પ્રથમ દક્ષિણ ભારતમાં વસતા આપણા પરિવારોનું એક વસ્તીપત્રક પ્રગટ કરવું એવી ઇચ્છા દર્શાવી. જ્યારે આ કાર્ય ચાલુ થયું, ત્યારે જ્ઞાતિના ઘણા ભાઈઓએ એવો આગ્રહ દર્શાવ્યો કે સમસ્ત જ્ઞાતિનું વસ્તીપત્રક તૈયાર કરવું. આ આગ્રહને માન આપી સમગ્ર જ્ઞાતિનું વસ્તીપત્રક તૈયાર કરવાનો અમે નિર્ણય લીધો અને ગદગ મહાજને આ ઉપયોગી ગ્રંથ તૈયાર કરી આપવાની જવાબદારી લીધી. આજે ગૌરવની વાત છે કે કામ કરવાની ધગશ, એકતા અને જ્ઞાતિ પ્રેમના લીધે એક સુંદર વસ્તીપત્રક આ અવસર ઉપર આપને અર્પણ કરાશે.

આ રીતે જ્યારે જ્યારે વસ્તીપત્રકના કાર્ય માટે અમે એકત્ર મળતા, ત્યારે દક્ષિણ ભારતના ઘણા કાર્યકરો એક બીજાના સંપર્કમાં આવ્યા અને નિકટતા વધી. જ્ઞાતિના ઘણા પ્રશ્ન ઉપર અમે વિચાર કર્યો, ત્યારે અમને લાગ્યું કે, આપણી જ્ઞાતિ તો ઘણી જ નાની છે, પણ એક બીજાથી વિખરાયેલી છે, અને જ્ઞાતિમાં અસંતોષ છવાયેલો છે. દક્ષિણ ભારતના ભાઈઓમાં જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની ભાવનાનાં જ્યારે અમને દર્શન થયાં, ત્યારે અમને લાગ્યું કે સૌ પ્રથમ એવી એક સંસ્થાની રચના થવી આ 'એકમ' સ્થાપવામાં આવ્યું. જ્યારે આખી જ્ઞાતિનો અમે વિચાર કર્યો, ત્યારે એક વસ્તુની જોઈ કે જેથી દક્ષિણ ભારતમાં વસતા બધા ભાઈઓ એક બીજાની નજદીક આવે. અને આ રીતે ખાત્રી થઈ કે જ્યાં સુધી આપણી જ્ઞાતિ એક મંચ ઉપર એકત્રિત નહિ થાય, ત્યાં સુધી કોઈ પણ કાર્ય પૂર્ણ કરવામાં સફળતા નહિ મળે. જ્ઞાતિમાં પ્રવર્તતા ઝઘડાઓ અને અસંતોષ ઇત્યાદિ ચર્ચા અને જરૂરી ઉપયોગી ચર્ચા બધાંએ ભેગા મળીને કરવાની રહી.

**એકતાની ભાવના અને જ્ઞાતિદાઝ :**

જ્ઞાતિ સંમેલનને આજનો આ પ્રસંગ દક્ષિણ ભારત એકમ અને સમસ્ત જ્ઞાતિ માટે ગૌરવવંતો છે. આપણે ત્રણ દિવસ માટે અત્રે ભેગા થયા છીએ અને આ મિલન દરમ્યાન એકતા અને મૈત્રીભાવથી જ્ઞાતિને સ્પર્શતા બધા જ પ્રશ્નો પર વિચાર કરીશું તો મને ખાત્રી છે કે જ્યારે આપણે અહીંથી છૂટા પડીશું ત્યારે ફક્ત શરીરથી જ છૂટા પડીશું, નહિ કે મનથી.

સમસ્ત જ્ઞાતિનો આજે વિચાર કરીએ, તો સહુ પ્રથમ આપણે એકતાની ભાવના કેળવવાની ખૂબ જરૂર છે. જ્યારે જ્ઞાતિમાં એકતા આવશે, ત્યારે બંધુત્વ અને જ્ઞાતિદાઝની ભાવના આપોઆપ જાગૃત થશે અને જ્ઞાતિ એક નાના કુટુંબ જેવી લાગશે. તેથી આપણાં કાર્યો ખૂબ જ સુગમ અને સરળ બની જશે.

આજે આપણે વિચાર કરવો જોઈએ કે બીજી જ્ઞાતિઓ જેવી કે વીશા ઓશવાળ, પારસી, ખોજા અને વોરા સમાજોએ કેટલી બધી પ્રગતિ કરી છે? દરેક ક્ષેત્રે પોતાના જાતભાઈઓની પ્રવૃત્તિ પોતાની નજર હેઠળ રાખી, પોતાનાથી બનતી મદદ કરી કોઈ પણ સંજોગોમાં જાતભાઈને ઉપર લાવવાના પ્રવાસો કરતા રહ્યા છે. ત્યારે આપણે આજે વિચાર કરવો રહ્યો કે, આપણે શું કર્યું? આપણે આજે ક્યાં છીએ? આપણઃ ધંધા-ઉદ્યોગોમાં લાયક એવા કેટલા ભાઈઓને આપણે સ્થાન આપ્યું કે મદદ કરી છે? મને લાગે છે ત્યાં સુધી આપણે એકબીજાની ઈર્ષા કર્યા સિવાય અન્ય કશું જ કર્યું નથી.

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્‌બોધન




જ્યાં સુધી એકતા, બંધુત્વ અને જ્ઞાતિદાઝની સાચી ભાવના આપણામાં જાગૃત નહિ થાય, ત્યાં સુધી આપણી જ્ઞાતિ કોઈ પણ સંજોગોમાં ઉપર નહિ આવે.

**નેતાની ખોટ :**

આપણી જ્ઞાતિમાં બીજી મહત્ત્વની ખોટ લાગે છે, જ્ઞાતિને એકી અવાજે દોરનાર લીડરની – નેતાની. 'હું કહું તે સાચું અને બાકી બધાં ખોટાં' ના વલણના પરિણામે જ્ઞાતિના વડીલો અને અગ્રણીઓ જ્ઞાતિ પ્રવૃત્તિથી વિમુખ થઈ ગયા છે અને જ્ઞાતિને માર્ગદર્શન આપવાને બદલે શાંત ચિત્તે જ્ઞાતિની અધોગતિના પ્રેક્ષક બની બેસી રહ્યા છે.

જ્ઞાતિના વડીલો અને પીઢ અનુભવીઓને હું અપીલ કરું છું કે, તેઓ જ્ઞાતિ સમક્ષ પોતાના વિચારો દર્શાવે અને જ્ઞાતિની સંસ્થા ઓને યોગ્ય માર્ગ દર્શન આપે જો તેઓ આ ફરજ ચૂકશે તો જ્ઞાતિ તેમને કદી પણ માફ નહિ કરે. દરેક કાર્ય કરતી વખતે મતભેદો તો ઉપસ્થિત થાય, આપે. તે તેણો આ ફરજ પણ તેમાંથી માર્ગ કાઢવો જરૂરી છે

જ્ઞાતિનો યુવાન વર્ગ પણ અસંતોષી હોય એમ લાગે છે. યુવાનોને એમ લાગે છે કે વડીલો એમને કાર્ય કરતા રોકે છે. કારણ કે વડીલોને એમ લાગે છે કે યુવાનો એમની ખુરશી ખેંચી લેશે. જો યુવાનો અને વડીલો ખભેખભા મિલાવી કાર્ય કરે તો આશા છે કે જ્ઞાતિ જરૂર એક લીડર–નેતા મેળવી શકશે.


**આપણે શું કર્યું ? અને શું કરવું જોઈએ?**

આજે આપણે વિચાર કરીએ કે આપણે કેટલી પ્રગતિ કરી છે ? આપણી જ્ઞાતિ એક વ્યાપારી જ્ઞાતિ છે અને આપણા વડીલોએ સમજી વિચારી પંચોતેર વર્ષ પહેલાં જ જ્ઞાતિ માટે કેટલીક કેળવણીની સંસ્થાઓ જેવી કે બોર્ડિંગ, પાઠશાળા ઇત્યાદિની સ્થાપના કરી ગયા છે. પ્રથમ જ્ઞાતિ સંમેલન પ્રસંગે 'શિક્ષણ પ્રસારક સમિતિ'ની રચના થઈ અને આપણને લાગ્યું કે બધી જરૂરી સુવિધાઓ પૂર્ણ થઈ. આપણે નિરાંતપણે બેસી રહ્યા. ત્યાર પછીના સમયમાં આપણે કદી એમ પણ વિચાર કર્યો કે, 'હવે શું?'

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્બોધન









આપણી જ્ઞાતિ ખૂબ મોટી સંખ્યામાં મુંબઈ અને પરાંઓમાં વસે છે. એમને સારી રીતે રહેવા માટે રહેઠાણ અને એમનાં બાળકોના અભ્યાસ માટે આપણે શું સગવડો કરી ? કચ્છ અને હાલારમાં વસતા આપણાં જ્ઞાતિભાઈઓ માટે જે કોઈ કહે કે આપણે ઘણું કર્યું છે તો તેમને મારે જવાબ છે કે જે કાંઈ કર્યું છે તે પૂરતું નથી જ. આપણે ધાર્યું હોત તો ઘણું બધું કરી શકયા હોત. પણ પાછો એ જ પ્રશ્ન નડે છે : ઝઘડા અને યોગ્ય નેતાગીરીનો.

આપણાથી ઘણી પછાત જ્ઞાતિઓએ પોતાના માટે મોટી સ્કૂલો અને કોલેજો ઊભી કરી લીધી છે, ત્યારે આપણે શા માટે તેને વિચાર કરતા નથી ? હજી પણ આપણે એ દિશામાં પહેલ કરીશું, તો ખૂણે ખૂણે વસતા આપણા જ્ઞાતિજનો તેનો લાભ ઉઠાવી શકશે.

શિક્ષણ સાથે સાથે વ્યવસાયનો પ્રશ્ન સંકળાયેલો છે. આ પ્રશ્નને હલ કરવા આપણે કોઈ જાતના પ્રયાસો કર્યા નથી. આ એક ખેદજનક બાબત છે. આ વિષય ઉપર આપણે ખૂબ વિચાર કરવો પડશે. શિક્ષણ પૂરું થયા બાદ વકીલ, ડોકટર, એન્જીનિયર ઇત્યાદિને પોતાનો સ્વતંત્ર વ્યવસાય ઊભે કરે હોય તો તે માટે આપણી પાસે કોઈ જાતની વ્યવસ્થા નથી. નોકરી કરવી હોય તો તે માટે પણ કોઈ યોગ્ય માર્ગદર્શન આપવાની સુવિધાઓ નથી. શું આપણે માનીએ છીએ કે શિક્ષણ આપ્યું, એટલે આપણી જવાબદારી પૂર્ણ થઈ? આપણે આ બાબતનો પણ વિચાર કરવો જ રહ્યો.

આજે આપ સૌને હું ફરી કહીશ કે આપણી પાસે કોઈ જાતની ઉણપ નથી. પણ, આપણી ભૂલ ફક્ત એટલી જ છે અને તે દરેક જાણે છે, કે વર્ષોથી સમાજમાં ઘર કરી બેઠેલી ઈર્ષાવૃત્તિ. પાકે કુરો વાળી બેજવાબદાર નીતિ. કોઈને કોઈ બહાના હેઠળ ઝઘડા ઊભા કરવાની વૃત્તિ. અને જ્યાં સુધી આ પ્રકારની વૃત્તિ અને બેજવાબદાર નીતિ દૂર નહિ કરીએ, ત્યાં સુધી આપણે જેટલા પણ સંમેલનો ભરીશું, તે બધાં જ નિરર્થક જશે, સમય અને નાણાં વેડફાઈ જશે.

# સંમેલનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીનું ઉદ્‌બોધન












સંમેલન પ્રસંગે ઘણા ભાઈબહેનોએ સૂચનો મોકલાવ્યાં છે. તેના ઉપર વિચાર કરી કદાચ આપણે ઝડપી નિર્ણયો લઈ શકશું, પણ એ નિર્ણયો પોતાની મેળે પરિણામકારી નહિ નિવડે, એ નિર્ણયોનો આપણે ઝડપી અમલ કરીશું, તો જ પ્રગતિ કરી શકશું, અને એની જવાબદારી પણ આપણી રહેશે.

આ ત્રણ દિવસ દરમ્યાન અથવા ભવિષ્યમાં પણ જ્યારે જ્ઞાતિહિતના જ્ઞાતિ-હિતેચ્છુ નિર્ણયો લેવાય, તેમાં મારા સંપૂર્ણ સહકારનું હું વચન આપું છું. જય જિનેન્દ્ર, જય જ્ઞાતિમૈયા.

# ભાવાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**(ગામ : તેરા, હાલે - હુબલી)**

જન્મ : ૧૬-૧૦-૧૯૪૨, અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬


સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નિસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને
પ્રભુ શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

-: શ્રદ્ધાસુમન :-

## શ્રી ઉત્તર ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ-રાયપુર

# આદરાંજલિ..

જન્મ :
તા.૧૬-૧૦-૧૯૪૨



સ્વર્ગવાસ :
તા.૦૫-૦૨-૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી


સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
દિવસ રાત વિતતા જશે પણ યાદ તમારી આવતી રહેશે,
કલ્પના બહારની તમારી વિદાય અમારુ કાળજું કંપાવી ગયું.
તમારી યાદ હંમેશાં અમારી સાથે રહેશે.

## કીર્તિ ધનજી ધરમશી (બેંગ્લોર)

મેનેજીંગ ટ્રસ્ટી :

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

# ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા - હાલ : હુબલી**


જન્મ
૧૬/૧૦/૧૯૪૨

અરિહંતશરણ
૦૫/૦૨/૨૦૨૬

આંખમાં છે ભરતીને હૃદયમાં ઓટ
આજ અમને પડી છે અખૂટ તમારી ખોટ
તમારા આદરણીય ગુણો,
વાત્સલ્યતા અને વ્યવહારિક વિચારો
અમે ક્યારેય વિસરશું નહીં
તમારી યાદ અમારા હૈયે સદૈવ મહેકતી રહેશે

**લિતિન નવીનચંદ્ર લોડાયા – નાનીખાવડી, કોઈમ્બતુર**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૬/૧૦/૧૯૪૨

અરિહંતશરણ
૦૫/૦૨/૨૦૨૬


## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામઃ તેરા - હાલઃ હુબલી**

આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ,
સદા હસતો ચહેરો,
પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.
તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય
ત્યાં પરમ શાંતિ પામે એ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

## શ્રી કચ્છી દશા ઓશવાલ મહારાષ્ટ્ર એકમ
## મલકાપુર

# શ્રધ્ધાંજલિ... ભાવાંજલિ... પુષ્પાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી

(જન્મ : ૧૬-૧૦-૧૯૪૨, અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬)

સમાજ–શાસન–સંઘના અજોડ રત્ન...
સમાજ સમર્પિત પરિવારની શીતલ છાંયડી...
શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના મહાશ્રાવક...
વિનય–નમ્રતાના આદર્શ...
પ્રેમ–લાગણીના મહાસાગર...
શ્રાવક રત્નશ્રીને
શ્રધ્ધાંજલિ... ભાવાંજલિ... પુષ્પાંજલિ
પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગત આત્માને શાંતિ આપો


–: શોકાતુર :–

**નરેન્દ્ર જયચંદ શાહ (નાગડા) નલિયા-માટુંગા**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ
૧૬/૧૦/૧૯૪૨

અરિહંતશરણ
૦૫/૦૨/૨૦૨૬



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

કરૂણાહૃદયી દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિના સુમન અર્પણ...
અમારા ભરતભાઈ વિદાયથી
સ્નેહલ સંગાથ ગુમાવેલ છે.
યાદ એમની અવિરત રહેશે, ને આંખો નિરંતર ભીંજાશે....
જીંદગી સાચા અર્થમાં જીવીને પ્રેમદીપ પ્રગટાવ્યા
એવા શ્રી દિવંગત આત્માને આપજો
શાશ્વત સુખ એ જ ભાવભીની શ્રદ્ધાંજલિ


**સંઘમાતા વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર**
બાંડીયા-કચ્છ

**શુભેચ્છક : સી.નરશી રોડલાઈન્સ**
અમદાવાદ-સોલાપુર-હૈદ્રાબાદ

# આદરાંજલિ

સુસંસ્કારોનું સિંચન કર્યુ,
દેવગુરુની કરાવી પહેચાન,
એવા વડીલ છે અમારા મહાન,
જે છે સકલ તીરથ સમાન
કુટુંબ વાત્સલ્ય, સ્નેહાળ સ્વભાવ,
દ્રઢ મનોબળ, દરિયા જેવું દિલ
અને સૂર્ય સમાન તેજસ્વીતા
અમારા માટે સદાય
સંભારણું થઈ રહેશે





## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**


**જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨, સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬**



**નીશિથ આનંદ દંડ**
સેક્રેટરી જનરલ
શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન


Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services

# આદરાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે : હુબલી

જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨, સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬


જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા,
ધર્મ-કર્મ-સેવા-સૌજન્ય થકી સૌના દિલમાં વસી ગયા,

તમારા આદરણીય ગુણો, વાત્સલ્યતા અને
વ્યવહારિક જીવન ક્ષણો અમે ક્યારેય વિસરશું નહીં...
તમારી યાદ અમારા હૈયે સદૈવ મહેકતી રહેશે...

-: શ્રદ્ધાસુમન :-

## પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી
(હુબલી)

# પુષ્પાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**


**જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨, સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬**

ભલે હયાતી નથી આપની, હવે આ જગમાં,
સિતારાની જેમ ચમકશો સદાય ગગનમાં,
યાદો ખૂટી નહીં ખૂટે, અમારા અંતર ઉરમાં,
તમારા સદ્‌ગુણોની યાદ રહેશે સદાય દિલમાં

## પ્રદીપ રતિલાલ લોડાયા
## જિનેશ પ્રદીપ લોડાયા

**કચ્છ સાંયરા - કોઈમ્બતુર**

# પુષ્પાંજલિ



જન્મ :
તા.૧૬-૧૦-૧૯૪૨

સ્વર્ગવાસ :
તા.૦૫-૦૨-૨૦૨૬


## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી

તમે દૂર ગયા હો, પણ યાદો રહી ગઈ,
હૃદયની ધડકનમાં તમારી છબી રહી ગઈ
તમારો સ્નેહ સદાય અમર રહેશે,
અમારા દિલમાં તમારું સ્થાન અખંડ રહેશે

શ્રી પ્રજેશ વિરચંદ નાગડા
સૌ. તૃપ્તિ પ્રજેશ નાગડા
મોક્ષય પ્રજેશ નાગડા
જિનિશા મોક્ષય નાગડા
કાયરવ મોક્ષય નાગડા
નારાયણજી કાનજી એન્ડ કંપની
કેશવાપુર - હુબલી

# સ્મરણાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**

(જન્મ : તા.૧૬-૧૦-૧૯૪૨, સ્વર્ગવાસ : તા.૦૫-૦૨-૨૦૨૬)


આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ
અને લાગણીશીલતા અમો જીવનભર ભુલશું નહિં.

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

# ભાવભીની શ્રદ્ધાંજલિ

તમે ગયા પછી ઘરનો આંગણો સૂનો લાગી જાય,
યાદોના દીવા હૃદયમાં શાંત રીતે જળે જાય.
તમારો સ્નેહ હંમેશા માર્ગ બતાવતો રહે,
તમારી વાણી આજેય કાને સંભળાતી રહે.

સમય વીતે છતાં યાદો કદી ઓછી ન થાય,
તમારા આશીર્વાદ જીવનભર સાથ આપી જાય.
પ્રભુ ચરણોમાં શાંતિ મેળવો એ જ પ્રાર્થના,
અમારી શ્રદ્ધાંજલિ સ્વીકારજો, પ્રિય આત્મા.



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી


જન્મ : ૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬

**શોકાતુર**

## કે.ડી.ઓ જૈન સંઘ ગાંધીધામ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**

**જન્મ : તા. ૧૬-૧૦-૧૯૪૨, સ્વર્ગવાસ : તા. ૦૫-૦૨-૨૦૨૬**

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય,
મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...
પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ,
કે તમને યાદ કરીએ તે દર્શન થઈ જાય...

## પ્રવિણ હંસરાજ લોડાયા


**મેનેજીંગ ટ્રસ્ટી :**

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન**

# આદરાંજલિ

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

(જન્મ : ૧૬-૧૦-૧૯૪૨, અરિહંતશરણ : ૦૫-૦૨-૨૦૨૬)




**ગામ : તેરા, હાલે - હુબલી**

તમે ગયા હો અનંત સફરે, પણ યાદ રહી ગઈ અમારાં અંતરે
તમારી વાણી આજે પણ ગુંજે છે, જીવનમાં પ્રેરણાનો દીવો બની બળે છે
તમારો સ્નેહ અમૂલ્ય ધરોહર છે, દરેક પળે હૃદયમાં તમારું જ ઘર છે
આંખોમાં આંસુ છે, પણ ગૌરવ પણ છે,
તમારા સંસ્કારોમાં જ અમારું જીવન વસે છે
પ્રભુ તમારી આત્માને શાંતિ આપે,અમારી યાદોમાં તમે સદા અમર રહો

શ્રદ્ધાસુમન

**શ્રી કે.ડી.ઓ એજ્યુકેશન ટ્રસ્ટ, હુબલી**
**અંગ્રેજી માધ્યમ શાળા**

# ભાવાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**(ગામ : તેરા, હાલ : હુબલી)**

**જન્મ : તા. ૧૬ - ૧૦ - ૧૯૪૨, દેહવિલય : તા. ૦૫ - ૦૨ - ૨૦૨૬**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
પરોપકાર તમારું રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નિસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને
પ્રભુ શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

**શ્રદ્ધાસુમન**

**શરદ મોમાયા** હુબલી **નીરવ મોમાયા**

**UDAY ROADLINES**

SMR SHREE **MANMOHAN** ROADLINES

2853 B/1C Garden Peth, P.B. Road, Hubli - 580028

Booking From : Delhi, Ahemdabad, Mumbai

# જ્ઞાતિ બાંધવોના સુખ દુઃખના ભાગીદાર ભરતભાઈ ભાણજી ખોના



આદરણીય સન્માનનીય મુરબ્બી શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલી ના વડીલ પ્રમુખશ્રી સ્વ. શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોનાને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરતાં આપણે સૌએ આપણા સૌના હિતચિંતક ખોયાનો દુઃખ અનુભવી રહ્યા છીએ કે જેમણે પોતાના વ્યવસાયમાં મશગુલ હોવા છતાંય સતત ૧૯૭૫ થી ૨૦૨૬ સુધી ૫૧ વર્ષ સુધી હુબલી મહાજનના પ્રમુખ સ્થાનની બાગડોર સંભાળી સદાય સમસ્ત જ્ઞાતિબંધુઓના સુખદુઃખના ભાગીદાર બની આપણા સૌની પડખે ઉભા રહ્યા

આપણા જ્ઞાતિજનો કેમ સુખી થાય, કેમ આગળ આવે, કેમ પ્રગતિ સાધી શકે, કેમ ગરીબીની રેખામાંથી ઊંચા આવે, આપણા બાળકો કેમ સુશિક્ષિત બને, શારીરિક અને માનસિક તંદુરસ્ત રહે અને કોઈ પણ જાતની પરેશાની ન ભોગવવી પડે એ દિશામાં મેડિકલ પ્રિમિયમ, ભણતરના ખર્ચા માટે વગર વ્યાજે લોન, વિધવા એકલવાયી સ્ત્રીઓ ને સાધર્મિક સહાય, જ્ઞાતિજનો માટે સસ્તા ભાડાના મકાનો બનાવી રહેઠાણની વ્યવસ્થા ઊભી કરી આપણા સૌના માવિત્ર તરીકેની ફરજ પુરી કરી, આજે તેઓ આપણને એકલા મુકી આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા એની ખોટ આપણને સાલવાની જ

મહાજન એટલે માવિત્ર કહેવાય અને મહાજનશ્રીને ૨૫ મા તીર્થંકરની ઉપમા આપવામાં આવી છે એમણે એ સ્થાનને શોભાવ્યું જ્યારે આજે તેઓ આજે આપણી વચ્ચે નથી રહ્યા પણ યુગો સુધી તેઓ આપણા સૌના હૃદયમાં બિરાજમાન રહેશે

સાચી શ્રદ્ધાંજલિ તો ત્યારે આપી કહેવાય કે જ્યારે આપણે તથા મહાજનશ્રીની કારોબારી કમિટીના સભ્યો એમના ચિંધ્યા માર્ગે ચાલી સૌ ને સમ દ્રષ્ટિથી નિહાળી એમના સુખદુઃખમાં સાથ આપીશું એવી આશા સાથે આપણે સૌ એમની આત્માને શાંતિ બક્ષે અને પરિવારજનોને આ દુઃખને સહન કરવાની શક્તિ આપે એજ અભિલાષા.

– સંકલનઃ શાંતીલાલ રામજી લાલકા, હુબલી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રદ્ધાંજલિ



## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ: તેરા - હાલ: હુબલી

જન્મ : ૧૬ - ૧૦ - ૧૯૪૨, અરિહંતશરણ : ૦૫ - ૦૨ -૨૦૨૬

સ્નેહના સાગર સમું હૃદય હતું જેનું વિશાળ
મન શાંત સરળ મુખ પર સ્મિત તણો શણગાર
સ્નેહી, સ્વજન, સંગી-સાથીઓ જોડે મધ મીઠો વ્યવહાર
નાના મોટા સહુને આપ્યો આત્મીય આદર ને આવકાર
કોઠા સૂઝ, અંતર ઊંડી દૂરંદેશી વ્યક્તિગત યાદગાર
અમ હૈયે આપની સ્મૃતિઓ રહેશે સદાકાળ


-: શોકાતુર :-

અનીશ મોમાયા | યશ મોમાયા

**વાલજી એન્ડ બ્રધર્સ**
હુબલી

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



**ગામ : તેરા**

ઉં.વ. : ૮૪

**હાલ : હુબલી**

અરિહંતશરણ

તા. : ૦૫-૦૨-૨૦૨૬

## શેઠશ્રી ભરત ભાણજી દેવજી ખીમજી ખોના

તેરા ગામના હાલ હુબલી નિવાસી **શેઠશ્રી ભરત ભાણજી દેવજી ખીમજી ખોના** ઉં. વ. ૮૪ તા. ૦૫-૦૨-૨૦૨૬ ના થયેલ અવસાનના સમાચાર જાણી અમો સહુ શ્રી તેકુલાધુ પરિવાર દુ:ખ અનુભવીએ છીએ.

આપનો અપાર સ્નેહ, સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબીક ભાવના,
ધર્મપ્રત્યેની અતુટ ભાવના, પરોપકારી ભાવના, ભક્તિની સુવાસ કયારેય ભૂલાશે નહીં.

એજ આપના હસ્તા - સેવાના કરણહાર ચહેરાને અમો કયારેય વિસરી શકીએ તેમ નથી.
રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના
અભિષેક અર્પણ કરીએ છે.


**શેઠશ્રી ભરતભાઈ**ના પરિવાર પર આવી પડેલ આ દુ:ખની ઘડીમાં અમો સાંત્વના પાઠવીએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે તેમને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

**શેઠશ્રી ભરતભાઈ**ના પવિત્ર આત્માને શાંતિ મળે તેજ પ્રાર્થના અને શ્રધ્ધાંજલી.

**લિ. શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ**

પદાધીકારીઓ વતી ચિરાગ રજનીકાંત નાગડા (પ્રમુખ)

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**જન્મ**
૧૬/૧૦/૧૯૪૨

**અરિહંતશરણ**
૦૫/૦૨/૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ: તેરા - હાલ: હુબલી

**વાણીમાં વાત્સલ્યતા, ધર્મમાં આસ્થા, દિલમાં ઉદારતા, પરોપકારીમાં પ્રભુતા અને જીવદયા પ્રેમી જેવા અલંકારોથી ઓપતું આપનું જીવન સદા યાદ બનીને દિલમાં બિરાજશે**

**અનુમોદના**

**માતુશ્રી દીમુબાઈ રાયશી પાશ્વીર મોતા પરિવાર**
**માતુશ્રી ગુણવંતીબાઈ ખીમજી મૈશેરી પરિવાર**
**રાયપુર**

# શ્રી અજીતનાથ જિનાલયનો યાદગાર શતાબ્દિ મહોત્સવ ૨૦૦૯





આજે શ્રી હુબલી સંઘના આંગણે, સોનાનો સૂરજ ઉગ્યો છે, ‘‘શ્રી અજીતનાથ જિનાલય.‘‘ જેનું નિર્માણ આપણા વડીલો દ્વારા ઇસ્વી સન ૧૯૦૮ માં થયેલ જેને ગત વર્ષે ઇસ્વી સન ૨૦૦૮ માં શત વર્ષ પૂર્ણ થયા. અને આજે ૧૦૧ માં વર્ષે શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો અવસર પ્રાપ્ત થયેલ છે.

વડીલોએ નિર્માણ કરેલ જિનાલયો-ઉપાશ્રયો, શૈક્ષણિક સંસ્થાઓ, નિવાસ સ્થાનો ઇત્યાદી આદી આપણા માટે અમૂલ્ય ધરોહર છે. જેની જાળવણી અને સુચારૂ વ્યવસ્થા ફક્ત વતનમાં જ નહીં, પણ દેશાવરોમાં કરવાની કાર્યક્ષમતા માટે પણ જ્ઞાતિની ઝળહળતી પ્રતિષ્ઠા ઉભી કરી છે. આ ધરોહરો જ્ઞાતિ અને જ્ઞાતિ બંધુઓ પ્રત્યે પ્રેમ અને આત્મિયતા ની ભાવના દ્રઢ બનાવવામાં સક્ષમ નિવડેલ છે.

અગાઉ જ્ઞાતિ ફક્ત રૂ અને ટ્રાંન્સપોર્ટ વ્યવસાયમાં મુખ્ય રીતે સંકળાયેલી હતી, જ્યારે આજે જ્ઞાતિ વિભિન્ન ક્ષેત્રોમાં પોતાનો પગ પેસારો કરી, આગળ પડતું સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ થયેલ છે. જેમાં શિક્ષણ મુખ્ય ફાળો છે. આજે આપણી એક માત્ર એવી જ્ઞાતિ છે જે શત-પ્રતિશત શિક્ષિત છે.

શ્રી હુબલી મહાજનશ્રી દ્વારા જ્ઞાતિની, આવાસ-શૈક્ષણિક-વૈદ્યકીય અને વ્યક્તિગત સમસ્યાઓનું યોગ્યતા પ્રમાણે નિરાકરણ કરવાના પ્રયત્નો થાય જ છે. તેવી જ રીતે જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પોત-પોતાના ક્ષેત્રોમાં, આ વિષયોનું નિરાકરણ કરવા તરફ ધ્યાન આપે અને સમસ્ત યુવાવર્ગને હાર્દિક ભલામણ કે શિક્ષણની સાથે સાથે દીર્ઘ-દ્રષ્ટિથી અને વિશાળ હ્રદયથી, સમયાનુકુળતાએ, કરકસર અને સાદાઇથી જીવનયાપન કરી, ગામે-ગામમાં રહેલી સંસ્થાઓને અને જ્ઞાતિ બંધુઓને તન-મન-ધન થી ઉન્નત કરે, જેથી ભવિષ્યની આવનારી આપણી પેઢી પણ, આપણી જેમ પૂર્વજોના સંસ્કારોનું સ્મરણ કરે અને જ્ઞાતિની ગરિમાં અને અસ્મિતા જાળવવામાં સફળ નિવડે.

શ્રી હુબલી મહાજનશ્રીના પદાધિકારીઓ અને સ્મરણિકા-પ્રકાશન સમિતિને તથા સમસ્ત શ્રી સંઘને હાર્દિક અભિનંદન.

એજ આપનો ભરત બી. ખીમજીના જય - જિનેન્દ્ર

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી હુબલી મહાજનના પ્રમુખ શ્રી

# તમે, તમે અને તમેજ !




જ્ઞાતિના રત્ન તમે ! જ્ઞાતિના ઘડવૈયા તમે !
પ્રમુખશ્રીનું સ્થાન વર્ષોથી શોભાવ્યું તમે !
મુરબ્બીશ્રી, જૈન શાસન ની શોભા છો તમે !
ખરેખર ! શાસનના ગુણોના ભંડાર છો તમે !
શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ-મહાજનના શિરતાજ તમે !
ભરત ચક્રવર્તી જેવા મહાપુરૂષ તમે !
રણના રણમેદાને રણવીર તમે !
તન-મન-ધન અર્પણ કર્યું જ્ઞાતિ ચરણે તમે !
ભાણજીભાઇ ના સુપુત્ર છો તમે !
અણનમ સદા રહેનારા તમે !
જીવનમાં જ્ઞાતિ પ્રત્યેની જીવન-જ્યોત પ્રજ્વલિત રાખનારા તમે !
ખીચડી અને કઢી ખાનારા કચ્છી સપુત તમે !
મમતા સાથે, નબળા જ્ઞાતિબંધુઓનું સદા ધ્યાન રાખો છો તમે!
જીવનને સાર્થક બનાવી જાણનારા તમે !
નેકી અને ખંતના છો પૂજારી તમે !
કોટી વંદન શ્રી સંઘના સ્વીકારજો તમે !
ટીમ-ટીમ કરતા શાસનના છો સિતારા તમે !
વંશ-પરંપરા, શિશુઓને જ્ઞાતિહિતના સંસ્કાર સિંચજો તમે !
દયાના સાગર છો તમે !
નવયુવાનો ને પણ શરમાવે એવી નવશક્તિ છો તમે !
અમર રહે સદા નામ તમારું, શુભ કાર્યો કર્યાને, કરતા રહેજો તમે !
માન - અપમાન ના ઘુંટડા ગળ્યા ને ગળે ઉતારજો તમે
રાણી-ભાભીનો ચુડીને ચાંદલો
સદા ચળકતો રહે
એવી ઇચ્છા રાખીએ સૌ અમે

**(કવિતા સાભાર શતાબ્દી મહોત્સવ અંક ૨૦૦૯)**



**રચયિતા : શાંતિલાલ રામજી લાલકા, હુબલી**

# TRIBUTE



**Birth**
**15-10-1942**

**Death**
**05-02-2026**

# Late Bharatbhai Bhanji Khona

### *Seth Shri Bharatbhai Bhanji Khona's Family,*
### *Shri Sachinbhai B Khamiji, Hubli*

Shri Kutchhi Dasha Oshwal Jain Mahajan Tera is deeply shocked to learn the sad news of the passing of Seth Shri Bharatbhai Bhanji Devji Khona. His passing away has caused a great loss to Shri Kutchhi Dasha Oshwal Jain Mahajan Tera and the community as a whole, which cannot be compensated.


Bharatbhais's village is Tera, but karma bhumi is Hubli. For him village & institution of our community were always forefront. The services and assistance he has given to them are a source of pride.

Sachinbhai, Shri Tera Mahajan is always with you and your family in this difficult time brought upon you by Bharatbhai's sudden demise. May the Almighty grant eternal peace to his departed soul and may that soul move towards salvation we pray to Lord Shri Jirawalla / Shri Shamlia Parshvanath Prabhu.

**-: Your Bereaved :-**

***Shri Kutchhi Dasha Oshwal Jain Mahajan Sarvajanik Trust,Tera***
***Shri Jiravalla Parshwanathji Jain Derasar Trust, Tera***
***Shree Tera Panjrapole***

## સ્મરણાંજલિ



જન્મ
૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ
૦૫-૦૨-૨૦૨૬

# સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

### ગામ : તેરા, હાલે - હુબલી

નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

-: શ્રદ્ધાસુમન :-

## શાહ ટૂર એન્ડ ટ્રાવેલ્સ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ :
૦૫-૦૨-૨૦૨૬


## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

**ગામ : તેરા, હાલે - હુબલી**

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય,
મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...
પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ,
કે તમને યાદ કરીએ તે દર્શન થઈ જાય...

## કેતન મણિલાલ મૈશેરી

# સ્મરણાંજલિ



જન્મ :
૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ :
૦૫-૦૨-૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના


ગામ : તેરા, હાલે - હુબલી

આપનો વાત્સલ્ય ભર્યો ચહેરો,
શાંત-મિલનસાર, સરળ, ધાર્મિક અને પ્રેમાળ સ્વભાવ,
સદાય આપશે અમને પ્રેરણા અને બની રહેશે અમારા પથદર્શક!
સૌને સહયોગી બનવા સદાય તત્પર રહેનારા,
પરોપકારી આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના

શ્રદ્ધાસુમન

## કરમચંદ આનંદજી વિકમશી પરિવાર

# આદરાંજલિ



જન્મ :
૧૬-૧૦-૧૯૪૨

અરિહંતશરણ :
૦૫-૦૨-૨૦૨૬

## સ્વ.ભરતભાઈ ભાણજી દેવજી ખોના

ગામ : તેરા, હાલે - હુબલી

આપનો પ્રેમાળ અને વાત્સલ્ય ભર્યો ચહેરો,
આપનો શાંત, સરળ, ધાર્મિક સ્વભાવ સદા આપશે
અમને પ્રેરણા અને બની રહેશે અમારા પથદર્શક !
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચીરશાંતિ
અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના

શોકાતુર

**વીરેન્દ્ર દામજી છેડા**

# વન મેન આર્મી એટલે આપણા ભરત શેઠ

વ્યક્તિ જતી રહે છે, પણ તેના કાર્યોની સુવાસ યુગો સુધી મહેકતી રહે છે.

હુબલી મહાજનના આજીવન પ્રમુખ સ્વ. ભરતભાઈ ભાણજી ખીમજીનું વ્યક્તિત્વ એટલે શિસ્ત, સમર્પણ અને દીર્ઘદ્રષ્ટિનો ત્રિવેણી સંગમ. છેલ્લા થોડા વર્ષોથી તેમની સાથે અત્યંત નિકટતાથી કામ કરવાની મને તક મળી. ૫૧ વર્ષો સુધી હુબલી મહાજનના પ્રમુખ પદે રહીને તેમણે માત્ર સંસ્થાનું નેતૃત્વ જ નથી કર્યું, પરંતુ સમગ્ર જ્ઞાતિને એક નવી ઓળખ આપી છે. ૨૦૨૬માં તેમના નિધન સાથે એક સુવર્ણ યુગનો અંત આવ્યો છે.

ભરતભાઈ એક અત્યંત શિસ્તબદ્ધ અને સમયના પાલનહાર વ્યક્તિ હતા. તેમની કામ કરવાની શૈલી ડાયનેમિક હતી; તેઓ હંમેશા નવું વિચારતા અને ભવિષ્યનું જોતા. એક કુશળ બિઝનેસમેન તરીકે તેમણે હંમેશા નવા ઉદ્યોગો અને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપ્યું. જ્યારે અમારી ટીમે તેમના નેતૃત્વ માં કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે શરૂઆતમાં જૂની ટીમના શાનદાર કામને કારણે તેમના મનમાં થોડી આશંકાઓ હતી કે નવી ટીમ કેવું પ્રદર્શન કરશે? પરંતુ સમય જતાં, અમારી ટીમ અને તેમની વચ્ચે એવો અદભુત તાલમેલ જામ્યો કે અમે સાથે મળીને અશક્ય લાગતા કાર્યો પણ સાકાર કર્યા.

તેમણે હંમેશા અમને પડકાર્યા, અમારા સામાન્ય કામ સામે પ્રશ્નો ઉઠાવ્યા અને અમને ઉત્કૃષ્ટ બનવા માટે પ્રેર્યા. તેમના માર્ગદર્શન હેઠળ હુબલી મહાજન દ્વારા જ્ઞાતિના નબળા વર્ગના પરિવારો માટે જે આવાસ યોજના સાકાર થઈ, તે આજે સમગ્ર ભારતભરના કે.ડી.ઓ. (KDO) સમાજ માટે એક મિસાલ બની ગઈ છે. જ્ઞાતિના ઉત્થાન માટેના તેમના આ કાર્યોની ચર્ચા આજે પણ સમગ્ર જ્ઞાતિ માટે પ્રશંસાપાત્ર છે, તેમજ બીજા સમાજ માટે પણ પ્રેરણા રૂપ છે.

ભરતભાઈનું સામાજિક અને રાજકીય કદ ખૂબ મોટું હતું, છતાં તેમનું હૃદય હંમેશા પોતાની જ્ઞાતિના સામાન્ય માણસ માટે ધબકતું રહેતું. હુબલીમાં આયોજિત 'દ્વિતીય સમસ્ત કે.ડી.ઓ. જ્ઞાતિ સંમેલન'ની ભવ્ય સફળતા અને તેની વ્યવસ્થા તેમના નેતૃત્વની પરાકાષ્ઠા હતી. આ ઉપરાંત, 'દક્ષિણ ભારત એકમ'ના સ્થાપક પ્રમુખ તરીકે તેમણે જે પાયો નાખ્યો, તે દક્ષિણ ભારતમાં આપણી જ્ઞાતિના સંગઠનને મજબૂત કરવામાં પાયાનો પથ્થર સાબિત થયો છે.

ભલે તે ધાર્મિક પ્રોજેક્ટ હોય, કોમર્શિયલ હોય કે શિસ્તને લગતા નવા નિયમો હોય, ભરતભાઈની સલાહ અને માર્ગદર્શન હંમેશા સચોટ રહેતા.




જે થોડા વર્ષોના મારા અનુભવમાં મેં જોયું છે કે તેઓ માત્ર નેતા નહોતા, પણ એક વડીલ અને માર્ગદર્શક હતા જેમણે સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવાનું શીખવ્યું.

આજે ભરતભાઈ ભલે આપણી વચ્ચે નથી, પણ હુબલીની ધરતી પર બનેલા આવાસો, સ્વાસ્થ્ય યોજના, શૈક્ષણિક સહાયતા અને જ્ઞાતિની પ્રગતિમાં તેમનો પડઘો હંમેશા સંભળાશે. હુબલી મહાજનના ઈતિહાસમાં તેમનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

– લી. **શરદ હેમરાજ મોમાયા**

માનદમંત્રી શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલી



# શ્રદ્ધાંજલિ



# સ્વ.ભરતભાઈ ભાણજી ખોના

(ગામ : તેરા • હાલ : હુબલી)

**જન્મ - ૧૬-૧૦-૧૯૪૨** **સ્વર્ગવાસ - ૦૫-૦૨-૨૦૨૬**

આપ પ્રેમ અને કરુણાનું ઝરણું બની... ભીંજવી ગયા અમ સૌના જીવનને અમને સદાય ભીંજવ્યા કરશે... આપની વાત્સલ્યભરી દિવ્ય સ્મૃતિઓ... જીવનનું અંતિમ સત્ય મૃત્યુ છે, છતાંય તમારી અકલ્પ્ય વિદાયથી અમે સહુ ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યા છીએ. મન હજી માનતું નથી કે, તમે અમારી પાસે નથી. આપનો લાગણીશીલ સ્વભાવ, ઉત્સાહી વૃત્તિ, કૌટુંબિક ભાવના, ધર્મપરાયણતા વગેરે ગુણો સદાય ચિરંજીવ રહેશે. તમારી સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી તમારા યશસ્વી જીવનની ક્ષણો ક્યારેય ભૂલાશે નહિ. પ્રભુ તમારા દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

## : શ્રદ્ધાસુમન :

## શ્રીમતી ચંદા લાલકા અને નીના લાલકા

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

